|| શ્રી વાસુપૂજ્ય સ્વામિને નમઃ ||
|| અનંતલબ્ધિ નિધાન શ્રી ગૌતમસ્વામિને નમઃ ||
|| નમો નમઃ શ્રી ગુરુ નેમિ સૂરયે ||

JAIN EDUCATION & EMPOWERMENT TRUST
JEET

# જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ

સુલભ એજ્યુકેશન ✦ સુલભ એમ્પ્લોયમેન્ટ

# પ્રેરક અને પથ-દર્શક

શાસન સમ્રાટ શ્રી વિજય નેમિ-અમૃત-દેવ-હેમચન્દ્ર-પ્રદ્યુમ્ન સૂરીશ્વરજીના પટ્ટધર

## પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય રાજહંસ સૂરીશ્વરજી મહારાજા

વર્ષ ૯મું - એપ્રીલ ૨૦૧૪

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## જિત ની દ્રષ્ટિ
## *Vision*

એક એવું અભિયાન કે સંપૂર્ણપણે નિરપેક્ષ, તટસ્થ અને પારદર્શક ટ્રસ્ટનું નિર્માણ કરવુ, અને કોઈપણ જાત ની અપેક્ષા વગર આ ટ્રસ્ટને અવિરત પણે ચલાવવું જેથી આપણા સાધર્મિક પરિવારનુ જીવનધોરણ સધ્ધર અને ઉચ્ચતર બને. તેમજ આ સંસ્થા કાયમી રીતે આપણા સાધર્મિકો માટે સારુ અને વધારે સારુ સતત કામ કર્યા કરે.

## 'જિત' નો હેતુ
## *Purpose*

સમાજ ના દરેક ફીરકાઓના સાધર્મિક કુટુંબીજનોને ભણતર તથા સ્વ-રોજગાર માટે દરેક રીતે સહાય કરી સ્વાવલંબી બનાવીને તેઓ આવતી કાલના શ્રેષ્ઠીઓ બને તે માટે જરૂરી દરેક કામ કરવુ અને આ સહયોગ દરેક જરૂરીયાતમંદ સાધર્મિકના ઘર સુધી પહોચાડવો.

## 'જિત' નુ લક્ષ
## *Goal*

- આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને
- જુન ૨૦૧૫ સુધીમાં ૧૦,૦૦૦ સાધર્મિક કુટુંબોને આ અભિયાનમાં ૫૦૦ થી વધારે સ્વયંસેવકોના સંગાથે આવરી લેવા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# 'જિત' નો આપને પત્ર

સ્નેહી શ્રી,

પ્રણામ,

આપશ્રીએ આ પુસ્તિકા હાથમાં લઇને વાંચવાની શરૂઆત કરી એ દર્શાવે છે કે એક સાધર્મિક પ્રત્યે આપ હૃદયસભર ઊંડી-ઊંડી લાગણી ધરાવો છો.

વર્તમાન યુગનો સામાન્ય મનુષ્ય અસહ્ય મોંઘવારી, આર્થિક સંકડામણ, માંદગી તેમજ મંદીના ચક્રવ્યૂહમાં ફસાયેલો છે. આ વિષચક્ર પર જીત મેળવવા માટે શિક્ષણ અને રોજગાર બન્ને પાયાના પરિબળો છે.

આપણા જૈન સમાજના છાના ખૂણે સીજાતા, મૂંઝાતા માનવીની પ્રાથમિક જરૂરિયાતો જેવી કે શિક્ષણ, વ્યવસાય અથવા હુન્નર ઉદ્યોગ મેળવવામાં ઉપયોગી થવાના શુભ આશયથી અને આજનો સાધર્મિક આવતીકાલનો શ્રેષ્ઠી તેમ જ ઉચ્ચ શ્રાવક બને એવા જ ઉદ્દેશથી કેટલાક કલ્યાણ મિત્રો દ્વારા ૨૦૦૭માં જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ, 'જિત' ની સ્થાપના કરવામાં આવી. આ ગ્રુપમાં અલગ અલગ વ્યકિતત્વ ધરાવતી અને પોત-પોતાના ક્ષેત્રમાં નિષ્ણાત એવા સફળ વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, સી.એ. એમ.બી.એ, જેવી વ્યકિતઓ સામેલ થયેલ છે.

આ સંસ્થા શાસન સમ્રાટ સમુદાયના પૂજ્ય આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય રાજહંસસૂરીશ્વરજી મહારાજા ની પ્રેરણા, આશીર્વાદ, પીઠબળ અને માર્ગદશન હેઠળ સતત વિસ્તરી રહી છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## 'જિત' અંતર્ગત થતી મુખ્ય પ્રવૃત્તિઓમાં...

૧) આપણાં સાધર્મિકો જેઓ ગામડામાં વસતા હોય છે અને જેમની આવક ઓછી હોય છે. તેમના બાળકોને શૈક્ષણિક સહાય આપવી.
૨) વેપાર, ઉદ્યોગ અને નોકરીમાં સહાયરૂપ થવું.
૩) બાળકોને વિદ્યાર્થીગૃહોમાં મોકલવા.
૪) વિદ્યાર્થીઓને કારકીર્દિ માર્ગદર્શન આપવું.
૫) બીજી બધી જૈન સંસ્થાઓ જેવી કે જૈન જાગૃતિ સેન્ટર, જીતો, મહાવીર જૈન વિદ્યાલયની યોજનાઓ થકી જરૂરીયાતમંદ વિદ્યાર્થી સુધી સહાય પહોંચાડવા મદદરૂપ થવું.
૬) જે જગ્યાએ જૈનો માટે વિદ્યાર્થીગૃહોની જરૂરીયાત હોય ત્યાં નવા વિદ્યાર્થીગૃહો બનાવવાં.
૭) ફિનીશિંગ સ્કૂલ જેમાં આપણા બાળકો સર્વાંગી વિકાસ સાધી શકે એવો ડીપ્લોમાં કોર્સ બાળકોને આપવો.
૮) એન્જલ ફંડ જે આપણે આપણાં સાધર્મિકોને જરૂરીયાત પ્રમાણે તેમના ધંધાકીય સહાય માટે પૈસાની વ્યવસ્થા કરી આપવી.
૯) જૈન સમાજનાં વધુમાં વધુ શ્રેષ્ઠિઓ તન-મન-ધનથી જોડાય એવા પ્રયાસ કરવાં.

અમો આ 'જિત' ને એવું એક નિરપેક્ષ પ્લેટફોર્મ બનાવીને આપ સર્વેને આ અભિયાનમાં જોડાવા નિમંત્રિત કરીએ છીએ. આપ આવો અને આપનાથી જે રીતે પણ સહયોગ થઇ શકે કે યોગદાન થઇ શકે તે આપવા અમારૂ ભાવભર્યું નિમંત્રણ છે.

પરમકૃપાળુ પરમાત્મા શ્રી મહાવીરસ્વામીએ દર્શાવેલ પાંચ મુખ્ય કર્તવ્યોમાંનું એક અતિ મહત્વનું કર્તવ્ય છે, સાધર્મિકને સહાયરૂપ થવું.
તો આવો...!! આ અભિયાનને સાકાર બનાવવા આપણે આપણો મહામૂલ્યવાન સમય, સાથ, સહકાર, સંપત્તિ તેમ જ સંમતિ આપી આ જીવનને સાર્થક બનાવીએ.
આ સંસ્થા આપણા જૈનોના ચારેય ફીરકાઓને આવરી લે છે.
જીનાજ્ઞા વિરૂધ્ધ કંઇપણ લખાયુ હોય તો ત્રિવિધે ત્રિવિધે... મિચ્છામી દુક્કડમ્.

પ્રણામ.

જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ - મુંબઈ

**આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## 'જિત' શૈક્ષણિક સહાય પ્રવૃત્તિ (Support for Education)

શિક્ષણ એ સમૃધ્ધ જીવનનો પાયો છે. પાયો જેટલો મજબૂત, ઇમારત તેટલી નક્કર બનશે. જીવનમાં શિક્ષણથી આત્મનિર્ભરતા, સ્વાવલંબીપણુ, સદ્‌ભાવના અને સમર્પણના ગુણો ખીલશે, અને માનવી પોતાની દ્રષ્ટિ અન્ય ના દ્રષ્ટિબિંદુ તરફ વાળશે.

જૈન સંઘના સેંકડો સાધર્મિકો જેઓ ગામડાઓ તેમજ નાના નગરોમાં વસી રહ્યાં છે અને ખૂબ જ આર્થિક સંકડામણ ભોગવી રહ્યાં છે. આવા સાધર્મિકોના બાળકો મૂળભૂત શિક્ષણ પણ પુરૂ પ્રાપ્ત કરી શકતા નથી. તેમના ઘણા બાળકો ખૂબ જ બુધ્ધિશાળી હોવા છતાં યોગ્ય શિક્ષણ અને માગદર્શનના અભાવે પોતાની કાબેલિયત પુરવાર કરી શકતા નથી. જો કોઇ તેમની આંગળી પકડવાવાળું મળી જાય તો તેઓ ખૂબ જ આગળ વધી જાય છે. 'જિત' આવા બાળકોના ઉત્થાન માટે સતત કાર્ય કરવા પ્રયત્ન કરતું રહે છે.

ધો. ૧ થી ૧૨ અને C.A., Enginnering, M.B.A. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને 'જિત' શૈક્ષણિક સહાયમાં મદદરૂપ થાય છે. ધો. ૧ થી ૧૨ ના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય આપે છે અને ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને લોન અપાવવામાં સહાયરૂપ થાય છે.

આજનો સાધર્મિક આવતીકાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને. એ ઉદ્દેશને સિધ્ધ કરવા હાલ 'જિત' ૫૨ જીલ્લાના ૨૬૮ ગામડાઓના ૨૬૪૦ થી વધુ પરિવારો જેમની માસિક આવક રૂા. ૭૦૦૦/- ની આસપાસ છે કે એથી ઓછી છે તેમના ૪૫૫૨ થી વધુ બાળકોને શિક્ષણ સહાય આપી રહી છે. ૩૭૪ થી વધુ વિદ્યાર્થીઓએ અત્યાર સુધીમાં પોતાના અભ્યાસ પૂર્ણ કરેલ છે.

૩૧ માર્ચ ૨૦૧૪ સુધી ધોરણ ૭ સુધીના ૧૪૫૬ વિદ્યાર્થીઓને તેમજ ધોરણ ૮ થી ૧૨ સુધીના ૧૬૮૬ વિદ્યાર્થીઓને તેમજ ગ્રેજ્યુએશન કરતા ૧૦૮૫ વિદ્યાર્થીઓને તેમજ ઉચ્ચ અભ્યાસ કરતાં ૩૨૫ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય અપાવવામાં મદદરૂપ થયા છીએ, તેમજ જુન ૨૦૧૫ સુધીમાં ૧૦,૦૦૦ સાધર્મિક કુટુંબોને આ અભિયાનમાં આવરી લેવા 'જિત' પ્રયત્નશીલ છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# વિદ્યાર્થી ગૃહ

'જિત' ના અંતર્ગત ચાલતી પ્રવૃત્તિઓમાં વિદ્યાર્થીગૃહમાં બાળકોને મોકલવા તે એક મહત્વનું કાર્ય ચાલી રહ્યું છે. આજે આપણા સાધર્મિકો આ વધતી મોંઘવારી અને મર્યાદિત આવકમાં તેઓ...

૧) તેમના બાળકોને સારી રીતે પૌષ્ટિક ખોરાક આપી શકતા નથી.

૨) તેઓને ઓછો ખર્ચ આવે તે માટે તેઓ સૌથી સસ્તા ભાડાની જગ્યા જે એરિયામાં મળે તે એરિયામાં રહેવું પડે છે. તેમના બાળકો એ એરિયામાં રહેતા અજૈન બાળકો સાથે મોટા થાય છે અને તેમની આદતો અને વિચારોનો શિકાર થાય છે.

૩) જગ્યાઓ બહુ નાની હોવાનાં કારણે અને કુટુંબ મોટુ હોવાથી બાળકોને જરૂરીયાત પ્રમાણે અભ્યાસ કરવાનો માહોલ મળતો નથી.

૪) છોકરાઓ જલ્દીથી મોટા થઇ કામધંધે લાગી જાય અને પૈસા કમાતા થાય તેવી પરિવારની જરૂરીયાત હોય છે. આ સિવાય ઘણી બધી રીતે બાળકોને જરૂરી સંસ્કાર, જૈન ધર્મની જાણકારી વિગેરે મળતા નથી અને તેનો વિકાસ થતો નથી.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સામા પક્ષે આપણા સમાજમાં જૈન વિદ્યાર્થીગૃહો આવેલા છે જેમાં..

૧) વિદ્યાર્થીગૃહમાં દેરાસર હોય છે.

૨) બાળકોનાં સર્વાંગી વિકાસ માટે ઘણી બધી સુવિધાઓ હોય છે.

૩) અંગ્રેજી મીડીયમની શાળા પણ નજદીક હોય છે.

૪) બાળકોને સાત્વિક ખોરાક અને જૈનત્વનાં સંસ્કાર મળે છે.

૫) મોટા ભાગનાં વિદ્યાર્થીગૃહોમાં બાળકો ને તમામ સુવિધાઓ કોઇપણ પ્રકારનાં ચાર્જ વગર આપતા હોય છે.

'જિત' સંસ્થાએ આ બન્ને છેડાને ભેગા કરી આપણા સાધર્મિકનાં બાળકોને મૂળભૂત સુવિધા સારી રીતે મળે તે માટેનાં પ્રયાસો શરૂ કર્યા છે. છેલ્લા બે વર્ષમાં 'જિત' નાં પ્રયાસથી ઘણા બધા બાળકો વિદ્યાર્થીગૃહમાં દાખલ થયા છે અને આ વરસે પણ ઘણો બધો વધારો થવાની શકયતાઓ છે.

'જિત' નો આ લક્ષ્ય સિધ્ધ કરવા 'જિત' નાં કાર્યકર્તાઓ એ આપણા સાધર્મિક કુટુંબના બાળકો તેમજ તેમનાં વાલીઓને આ બધા અલગ-અલગ જૈન વિદ્યાર્થીગૃહમાં લઇ જઇને ત્યાં તેમને બે દિવસ રોકાણ દરમ્યાન તેમને વિદ્યાર્થીગૃહનાં દરેક પાસા સમજાવતા હોય છે.

'જિત' ને આશા છે કે આ પ્રકારના પ્રયાસથી આપણા સમાજનાં જરૂરીયાતમંદ લોકો માટે જે વ્યવસ્થા અને ઉપલબ્ધિઓ આપણી પાસે છે તેનો મેળાપ થશે જ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# 'શ્રી આદિનાથ વિદ્યાપીઠ' 'જિતનો' નવો પ્રયાસ

'જિત' નું નવુ સાહસ **'શ્રી આદિનાથ વિદ્યાપીઠ'** યોજના હેઠળ વિવિધ શૈક્ષણિક ક્ષેત્રે પ્રવૃતિઓ કરીને જૈન શાસનને સારા શ્રેષ્ઠિઓ આપી શકીએ તે માટે વિવિધ પ્રવૃતિઓ કરવાની ભાવના છે. તેના પ્રથમ પ્રયાસ રૂપે C.B.D. બેલાપુર નવીમુંબઈ માં વિદ્યાર્થીગૃહ તેમજ **Finishing School** ની શરૂવાત કરી છે.

આજના સ્પર્ધાત્મક યુગમાં વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન તેમજ યોગ્ય આવડત આપી યોગ્ય ઘડતર થાય તે અત્યંત જરૂરી છે.

વિશ્વમાં ફિનિશીંગ સ્કુલનો કન્સેપ્ટ ઘણા સમયથી અમલી છે. ભારતમાં મોટાભાગે તે શાળાના વિદ્યાર્થીઓ પૂરતો વધુ મર્યાદિત છે. ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે ખાસ ક્યાંય અમલી નથી.

'જિત' તેના નવા પ્રયાસરૂપે આ કન્સેપ્ટને અમલી બનાવવાની યોજના ધરાવે છે. વિદ્યાર્થી પોતાના ઉચ્ચ અભ્યાસની સાથે સાથે 'જિત' દ્વારા આયોજીત એક એવો ડિપ્લોમાં કોર્સ કરાવવામાં આવશે જેમાં વિદ્યાર્થી પોતાના ઉચ્ચ અભ્યાસ સાથે સાથે યોગા, ધ્યાન, વ્યક્તિત્વ વિકાસ, વક્તૃત્ત્વ છટા, લીડરશીપ, મેનેજમેન્ટ, જૈનિઝમ જેવા અનેક વિષયો પર સારા નિષ્ણાતોને બોલાવી યોગ્ય તાલીમ આપવામાં આવશે. તેના દ્વારા ફક્ત શૈક્ષણિક ડીગ્રી પ્રાપ્ત ન કરતાં તેની સાથે તેના સર્વાંગી વિકાસની પણ પૂરી તક પ્રાપ્ત કરાવવામાં મદદરૂપ થશે. જેના દ્વારા વિદ્યાર્થી તેનો ભરપૂર લાભ ઉઠાવી દરેક પ્રકારની આવડત, સમજદારી કેળવી સમાજમાં એક મોભાદાર વ્યકિત તરીકે વિકાસ કરી શકશે.

આજે ભારતમાં છેલ્લા કેટલાક વર્ષોથી શિક્ષણ કેન્દ્રો વિસ્તરતા જાય છે અને નવા નવા ઉમેરાતા પણ જાય છે. આવા શિક્ષણ કેન્દ્રોની કોલેજોમાં જો વિદ્યાર્થીને સારા માર્કસ હોય તો પ્રવેશ કદાચ મળી જાય છે. પરંતુ બહારગામથી આવા શિક્ષણ કેન્દ્રોમાં ઉચ્ચ અભ્યાસ કરવા આવતા વિદ્યાર્થીઓને રહેવા જમવાની વ્યવસ્થા સહજ થતી નથી અને મળે છે તો

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખૂબ જ ખર્ચાળ રહે છે. મોટા ભાગના શહેરોમાં જૈન વિદ્યાર્થીગૃહોની વ્યવસ્થા નથી માટે તેની તાતી જરૂરિયાત છે.

મુંબઇ/અમદાવાદ જેવા શહેરોમાં બોર્ડિંગો છે પણ વિદ્યાર્થીઓની સંખ્યાની જરૂરિયાતને પહોંચી શકાતી નથી, એટલે વેઇટીંગ લીસ્ટ ચાલે છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખી 'જિત' જ્યાં જ્યાં ઉચ્ચ અભ્યાસ કરવાની સારી તકો છે, પણ બોર્ડિંગો નથી કે વધુ જરૂરિયાત છે તે શિક્ષણ કેન્દ્રોમાં વિદ્યાર્થીગૃહ શરૂ કરવાની જોગવાઇ કરી રહ્યું છે. તેના પ્રથમ પ્રયાસરૂપે **નવી મુંબઇ-બેલાપુર ખાતે શ્રી આદિનાથ વિદ્યાપીઠના** નામે જૂન-૨૦૧૨ થી શરૂ થતા નવા શૈક્ષણિક સત્રથી વિદ્યાર્થીગૃહનો શુભારંભ થઇ ચૂક્યો છે. જ્યાં જૈન સંઘના ચારેય ફીરકાઓના ઉચ્ચ અભ્યાસ કરતા અથવા કેરીયર ઓરીયેન્ટેડ કોર્સીસ કરતા વિદ્યાર્થીઓને રહેવા જમવાની સગવડ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. જેને ફક્ત વિદ્યાર્થીગૃહ ન બનાવતા તેમાં ફિનિશીંગ સ્કૂલના કન્સેપ્ટને પણ વણી લઇ અમલી બનાવવામાં આવી છે. જેના દ્વારા તેના સર્વાંગી વિકાસ માટેના સંપૂર્ણ પ્રયત્નો કરવામાં આવે છે.

આવા વિદ્યાર્થીગૃહો દ્વારા જિનશાસનની પ્રભાવના થશે, સારા સંસ્કારોનું સિંચન થશે, તેમજ આગવા અને પ્રતિભાસંપન્ન યુવાનો જૈન શાસનને પ્રાપ્ત થશે.


*ખુશ ખબર !! જૈન વિદ્યાર્થીઓ માટે નવી મુંબઇમાં વિદ્યાર્થીગૃહ*

## શ્રી આદિનાથ વિદ્યાપીઠ

રાજ સ્પર્શ, જી-૨૨, સેકટર-૨૦, બેલાપુર ગાવઠન, બેલાપુર સીબીડી, નવી મુંબઇ.
Mob. : 93228 52100, Ph.: (022) 645 94 645, E-mail : sav@jeetindia.org

ભણતર સાથે ગણતર આપવાના બહુલક્ષી હેતુથી વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાના અદ્યતન કોર્સથી (ફીનીશીંગ સ્કૂલ) સુસજ્જ, જૈનોના ચારેય ફીરકાઓના હાયર એજ્યુકેશન મેળવનારા વિદ્યાર્થીઓ માટે રહેવાની-જમવાની સગવડ સાથે, આ અદ્યતન વિદ્યાર્થીગૃહમાં પ્રવેશ માટેના અરજીપત્રક ઉપરોક્ત સ્થળેથી મળશે.

અરજી પત્રક સ્વીકારવાની છેલ્લી તારીખ તા. ૩૦ ઓગસ્ટ રહેશે.

**સંચાલન : જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ**

Ph.: 022-645 64 645 • Mob. : 093249 77185
email : jeet@jeetindia.org • Website : www.jeetindia.org




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સાહજિક પ્રશ્ન-ઉત્તર

૧. 'જિત' એ શું છે ?

'જિત' એ જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટનું ટુંકું નામ છે.

૨. 'જિત'નો હેતુ શું છે ?

જૈન સમાજના દરેક સંપ્રદાયના ગામડાઓમાં તથા નાના શહેરોમાં વસતા આર્થિક રીતે નબળી પરિસ્થિતીવાળા સાધર્મિક જૈન કુટુંબોને શૈક્ષણિક ક્ષેત્રે મદદ કરે છે તથા રોજગાર વિહોણા કુટુંબોને રોજગાર આપીને તેમનો ધાર્મિક તથા આર્થિક દરજ્જો ઉપર લાવવાનો 'જિત' નો હેતુ છે.

૩. 'જિત' નો ઉદ્દેશ શું છે ?

જેમ વાડ વગર વેલો ઉપર ચડતો નથી તેમ અત્યારની મોંઘવારી અને પંચમકાળમાં સાધર્મિક કુટુંબોને એક ટેકાની જરૂર છે જે 'જિત' શૈક્ષણિક સહાય આપીને વાડ રૂપી કાર્ય કરી રહ્યું છે જેના લીધે દરેક કુટુંબોના બાળકો ઉચ્ચતર શિક્ષણ પ્રાપ્ત કરે અને તે કુટુંબ આત્મનિર્ભર બને અને સમાજમાં તેનો આર્થિક અને સામાજીક અને ધાર્મિક દરજ્જો ઉપર આવે એજ 'જિત' નો ઉદ્દેશ છે.

૪. 'જિત'નું લક્ષ શું છે ?

**આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને .**

૫. 'જિત' પોતાનું ધ્યાન શૈક્ષણિક સહાય ઉપર જ શા માટે કેન્દ્રીત કરે છે ?

શિક્ષણ એ જીવનના પાયાનું ઘડતર છે અને આજ સનાતન સત્ય છે, 'જિત' ના સર્વેક્ષણમાં એમ જણાયું કે ગામડામાં વસતા આપણાં સમાજના સાધર્મિક કુટુંબોના બાળકો પૂરતી શૈક્ષણીક સહાયના અભાવે આગળ ભણી શકતા નથી આવા સંતાનો ભણે અને ઉજ્જવળ ભવિષ્ય તથા કારકિર્દી પ્રાપ્ત કરી પોતાના પરિવારને ઉપર લાવી શકે તે માટે શૈક્ષણિક સહાયને પ્રાધાન્ય અપાયું છે.

૬. 'જિત'ની સહાય કઇ રીતે મેળવી શકાય ?

સહાય મેળવવા માગતી વ્યકતીએ સંસ્થાનું નિયત કરેલું કૌટુંબિક અરજીપત્રક ભરીને એમાં દર્શાવ્યા મુજબના દસ્તાવેજો જોડીને સંસ્થાને મોકલવાનું રહે છે. આ અરજીપત્રક સંસ્થાને જણાવવાથી, સ્થાનિક પ્રતિનિધી/ સ્વયંસેવકો પાસેથી મેળવી શકાય છે.

૭. 'જિત' શૈક્ષણિક સહાય કઇ રીતે મોકલાવે છે ?

ધો. ૧ થી ૧૨ વિદ્યાર્થીઓને પ્રાથમિકતા આપી 'જિત' મંજુર કરેલ અરજીઓની રકમનો ચેક / ડી.ડી. જે તે શાળા / કોલેજના નામે અરજદારના સરનામાં ઉપર મોકલી આપે છે. અને તે માટે **કોઈ પણ અરજદારે 'જિત' ને ફોલોઅપ કરવાનો રહેતો નથી.** ધો. ૧૨ પછીના અભ્સાય માટે વગર વ્યાજની લોન (ભંડોળની ઉપલબ્ધી મુજબ) સરળ હપ્તાથી આપે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

૮. 'જિત' શૈક્ષણિક સહાય માટેની પાત્રતા નક્કી કરતા કઇ બાબતોનો ખ્યાલ રાખે છે ?
'જિત' ના પ્રતિનિધી / સ્વયંસેવકો અરજદારના પરિવારની રૂબરૂ મૂલાકાત લે છે. અને 'જિત' ની કાર્યપ્રણાલી મુજબની જરૂરી ચકાસણી કરે છે, તદ્ઉપરાંત તે કુટુંબમાં રહેલી ધર્મની ભાવના તેમજ વિગત ઉપરાંત કોઇ પણ સંસ્થા / વ્યક્તિગત લીધેલ સહાયની નોંધ લે છે.

૯. 'જિત' પોતાનુ કાર્યક્ષેત્ર ગામડાઓ પુરતુંજ મર્યાદિત શા માટે રાખે છે ?
સુરત, વડોદરા મુંબઇ, પુના, દિલ્હી, ચેન્નઇ, કોલકતા, અમદાવાદ, હૈદ્રાબાદ, જેવા મહાનગરોમાં અને અન્ય શહેરી વિસ્તારોમાં ઘણી બધી સંસ્થાઓ કાર્યરત છે, માટે 'જિતે' તેમનું કાર્યક્ષેત્ર ગામડાઓમાં વિકસાવ્યું છે.

૧૦. આપણા સમાજના દરેક લોકો આ શૈક્ષણિક જાગૃતિ અભિયાનમાં કઇ રીતે જોડાઈ શકે ?
કોઇપણ સેવાભાવી ભાવના ધરાવતી વ્યક્તિ તન, મન, ધન થી જોડાઈ શકે છે. જોડાયેલી વ્યક્તી શ્રમદાન અને આર્થિકદાન રૂપે સંસ્થાને મદદરૂપ થઇ શકે છે.

૧૧. સ્વયંસેવકનું કાર્ય શું છે ?
શ્રમદાન અથવા આર્થિકદાન રૂપે સ્વયંસેવકો પોતાના કાર્યક્ષેત્ર અને નજીકના ગામડાઓમાં રૂબરૂ જઇ ત્યાં વસી રહેલા સાધર્મિક કુટુંબોને આપણી સંસ્થાની યોગ્ય રીતે વિગતવાર માહિતી આપવી જેમ કે,

(અ) સંસ્થાના સોવેનીયર - બ્રોશર - અરજીપત્રક વિતરણ કરવું તથા તેને ભરવા માટે મદદરૂપ થવું.
(બ) સંસ્થામાંથી આવેલી અરજીઓના અરજદારના ઘરે જઇ તેની મુલાકાત લઇને સંસ્થાની જરૂરીયાત પ્રમાણે સંપૂર્ણ નિરપેક્ષ તપાસ કરવી તેમજ ગામના સ્થાનિક લોકો પાસેથી માહીતી મેળવવી.
(ક) સંસ્થા પાસેથી આવેલી મદદ અરજદારના ઘરે પહોચાડવી તથા દરેક દસ્તાવેજોની જરૂરી ઔપચારીકતા પૂરી કરવી.
(ડ) સંસ્થાની જરૂરીયાત પ્રમાણે સમય અનુસાર વિવિધ પ્રવૃત્તીઓમાં ઉત્સાહ ભેર ભાગ લેવો.
(ઈ) 'જિત' ના હોશીલા સ્વયંસેવકો પોતે તેમના કુટુંબીજનોને, મિત્રમંડળમાં અને સામાજીક સંસ્થાઓમાં આ શૈક્ષણિક અભિયાન ની માહિતી તેમજ સફળતાની મૌખીક અને સંસ્થાના પરિપત્રો દ્વારા તેમને માહીતગાર કરી આર્થિક ફાળો આપવા માટે પ્રેરે છે. તેમજ આપણા સમાજમાં ઉજવાતા સામાજીક અને ધાર્મિક પ્રસંગોમાં જાહેર થતી સખાવતોની રકમમાંથી પણ અમૂક ફાળો 'જિત' માટે લઇ આવે છે.

૧૨. જિત સંસ્થાના સ્વયંસેવકો કઇ બાબતો ધ્યાનમાં રાખે છે ?
૧) સંસ્થાના બંધારણનું પાલન તેમજ નિતિનિયમોનો ખ્યાલ રાખે છે.
૨) જરૂરીયાત મુજબની જ માહિતી જે તે વ્યક્તિ અથવા સંસ્થાને આપે છે.
૩) 'જિત' ના નામનો કોઇ પણ ક્ષેત્રમાં અથવા કાર્યમાં દુરૂપયોગ કરતા નથી.
૪) અરજદાર વ્યક્તી અથવા કુટુંબોનો અભિપ્રાય તટસ્થ અને નિષ્પક્ષ રીતે આપે છે.
૫) કાર્યકરોની મંજુરી મેળવ્યા બાદ જ સંસ્થા વતી સહાયની બાહેંધરી આપે છે.


Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# 'જિત' ને મળેલા પ્રતિસાદો માંથી ...

**'જિત' ને આપની અનુમોદના તથા આશીર્વાદ આભાર પત્રો, ફોન અને રૂબરૂ મુલાકાતો દ્વારા અવિરત મળી રહ્યા છે.**

મારા બાળકોનાં શિક્ષણ માટે જે સહાય આપની સંસ્થા તરફથી મળી છે, તે બદલ હું આજીવન આભારી રહીશ. ખરેખર આપે જે અમારું કામ કરેલ છે તે બદલ મારો પરીવાર આ સંસ્થાના દરેક સભ્યનો આભાર માનીએ છીએ. - એક સાધર્મિક

આપે આપેલા નાણા હું મારી બન્ને પુત્રીનાં અભ્યાસ માટેજ પૂરેપૂરા વાપરીશ અને એ નાણાનો હું કોઈપણ રીતે ખોટો ઉપયોગ નહી કરુ, આપનાં આશીર્વાદ થી મારી બન્ને પુત્રી સારા ટકા લાવશે તેવી આશા છે, આટલા બધા પુરુષાર્થથી આપણા તમામ સમાજ માં અભ્યાસ માટેની આશા જાગશે ને આગળ આવશે. આપ જેવા મહાન દાતા શ્રી ઓના હિસાબે આપણો સમાજ આગળ આવશે.

- એક સાધર્મિક

'જિત' તરફથી ગત વર્ષ દરમ્યાન મારા ચારેય સંતાનો માટે શિક્ષણાર્થે સહાય મળી, જેના સહારે આ ચારેય બાળકો ખુબ સારી રીતે અભ્યાસ કરી સારા માર્કસ સાથે ઉર્ત્તીણ થયા છે. તેમનો સંપૂર્ણ યશ જિતને મળે છે. 'જિત' ની ખરેખર જૈન સમાજ માટે ઘણી જ મોટી જીત થઇ છે. જૈન સમાજની ભાવી પેઢી અભ્યાસ વગર ન રહે એટલું જ નહી. પણ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવા ઇચ્છતા દરેક વિધાર્થી નાણાના અભાવે તેમનું સ્વપ્ન સાકાર કરવામાં નિષ્ફળ ન જાય તે માટે 'જિતે' ખરેખર ખૂબ જ પાયાનું અને પ્રશંસનીય તેમ જ બેનમુન આદર્શ કાર્ય કરેલ છે. **આ સહાયથી અમોએ હવે અમારૂ કોઇ જ નથી આ વિચારને તિલાંજલી આપી દીધી છે.**

- ભાવનગરથી એક સાધર્મિકના પ્રણામ

જ્યારથી સ્કુલો ચાલુ થઇ ત્યારથી રાત્રે ઉંઘ આવતી ન હતી. મારી પત્ની પુછે કે શું થયુંતો તેને કંઇ જણાવી શકતો ન હતો. અને એક જ વિચાર આવતો હતો કે આવતી કાલે સવારે ત્રણેય છોકરાની ફી ના પૈસા ક્યાંથી લાવું ? ત્યાં ઓચિંતો મારો એક મિત્ર મારી પત્નીની તબિયત પુછવા આવ્યો અને મેં મારા મગજની ટેન્સનની વાત કરતા તેણે આપના ટ્રસ્ટની માહિતી આપી અને મારા હદયમાં જાણે ઠંડો પવન ફુંકાયો હોય તેમ મને શાંતિ થઇ. નાકોડા દાદાને નમન કરી તરત ફોર્મ ભરી દીધું. અને આપ સર્વેના આશિર્વાદ થી મારા ત્રણેય સંતાનોની ફી માટેના ચેક કુરિયર દ્વારા આવી ગયા.

મારી પાર્શ્વનાથ દાદાને એક જ અરજ છે કે આપની જેમ હું પણ સમય જતાં મારા જેવા સાધર્મિક ને મદદરૂપ થઇ શકું. કારણ કે **જૈન નો હાથ તો કોઇને આપવા માટે જ લાંબો થવો જોઇએ.** - એક સાધર્મિક (ઇડર)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# 卐 'જિત' ના અનુભવો માંથી... 卐

**વિરમગામ** થી આવેલ એક અરજીની તપાસ દરમ્યાન અમોને જાણવા મળ્યુ કે આપણા સાધર્મિક ભાઈની આવક રૂ.૩૦૦૦/-હતી. ઘરમાં કુલ સાત વ્યક્તિ છે. માતા મોટી ઉંમરવાળા છે. બહેન મંદબુધ્ધીવાળા હોવાથી લગ્ન થયા નથી. ત્રણ સંતાનો છે અને પત્ની એક અજાણ્યા રોગથી પિડાય છે. ઘરમાં તો ઘરવખરી પણ નથી તો હવે બાળકોના ભણતરની વાત જ કેમ કરવી...

**સુરેન્દ્રનગર** થી આવેલ અરજી ચકાસતા ખબર પડી કે એક સાધર્મિક ભાઈ શેરડીના રસનો ધંધો કરે છે અને તે પણ ઉનાળામાંજ ચાલે છે. ઉપરથી ભાગીદારને ૫૦% આપવાના. ઘરમાં ચાર સભ્યો છે. કાયમી કોઈ આવક ન હોવાથી ઘર ચલાવવામાં ખુબજ તકલીફ પડે છે. શિક્ષણની તો વાતજ થાય તેમ નથી...

**જુનાગઢ** ની રૂબરુ મુલાકાત દરમ્યાન જાણવા મળ્યુકે બેન પોતે ખાખરા અને ચકરી બનાવીને વેચે છે. પિતાનું અવસાન થયેલ છે. પોતે ભાઈ તથા ભાભી ઉપર ભાર થવા માંગતા નથી માટે લોનની અરજી કરી છે. સ્વાવલંબી તો થવુ છે...

**જામનગર** થી આવેલ એક અરજીનાં અનુસંધાને રૂબરૂ મુલાકાત અમારા સ્થાનિક કાર્યકર્તાએ કરી. એ વાત એમનાજ શબ્દોમાં......

એમના ઘરની પરિસ્થિતીની તો વાતજ શું કરવી? ખુબજ દયનીય અને કરુણતાભરી હાલતમાં જીવે છે. છેલ્લા વીસ-વીસ વર્ષથી હું જામનગર માં રહેવા છતા, મારા સાધર્મિક બહેન ફક્ત એક સમય જમે અને બીજા ને ત્યા કામ કરવા જાય છે. આ વાત મારા માટે માનવી ખુબજ મુશ્કેલ હતી. જ્યારે જામનગર હાલાર સમાજ સમક્ષ આ વાત રજુ કરી ત્યારે તેમના પણ હ્રદય દ્રવી ઉઠયા. અમને તો નવાઈ એ વાત ની છે કે જયા અમે નથી પહોંચી શકતા, ત્યા ઠેઠ મુંબઈ થી આવેલ આ 'જિત' સંસ્થાના કાર્ય કેવી રીતે પહોચી ગયા?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**મુંબઈ** ફક્ત ૧૦ દિવસ પહેલા અમો દરેક જિતના અનુયાયીઓ **પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય રાજહંસસૂરી મ.સા.** ને વંદન કરવા યોગી નગર ગયેલા. ત્યારે આપણા એક સાધર્મિક બહેન પોતાના પુત્રનાં જન્મ દિવસ નિમિત્તે પુજય શ્રી ના આશીર્વાદ લેવા પોતાના પુત્ર સાથે આવેલા. ગુરુ વંદન કર્યા બાદ એમને એક કવર પુજયશ્રી ના ચરણોમાં મુકી બોલ્યા કે, **"ઓલા આપણા 'જિત' વાળા જે શિક્ષણ માટે કામ કરે છે એમને આપી દેજો આજે મારા પુત્ર નો જન્મ દિવસ છે"**

જયારે '**જિત**'ના એક ટ્રસ્ટી તેમના ઘરે આભાર માનવા ગયા ત્યારે ખબર પડી કે બહેન તો વિધવા છે. અને ઈમિટેશન જવેલરી નું કામ કરીને ગુજરાન ચલાવે છે.અને જયારે કવર ખોલીને જોયું ત્યારે ખબર પડી કે કેવી રીતે તેમને આ રૂપીયા ૫૦૦૦/- ભેગા કર્યા હશે ? કારણકે એ કવરમાં હતી ૧૦, ૨૦, ૫૦, ૧૦૦ અને ૫૦૦ નીજુની ચોળાયેલી નોટો.

**કોટી-કોટી ધન્યવાદ છે આ બહેન ને, જેને પોતાના પુત્રનો જન્મદિવસ કેવી સરસ રીતે ઉજવીને સાર્થક કર્યો.**

**જેતપુર** ની મુલાકાત દરમ્યાન એક બહેને કહેલી કથની એમનાંજ શબ્દોમાં

"મારો ડાયવોર્સ થતા મારે મારા બે સંતાનો સાથે મારા પિયર પાછુ આવવું પડ્યુ. મારા પિયર માં મર્યાદિત આવક હતી અને મારા ભાઇ ભાભી મારા મમ્મી અને પપ્પા સાથે રહેતાં હતાં અને અચાનક એક કાળમુખા દિવસે આ ઘરના મુખ્ય આધારસ્થંભ સમાન એટલે કે મારો ભાઇ જેમને સાહજિક બિમારીમાથી કેન્સર નું નિદાન થયું ત્યાર બાદ બિમારી ની સારવાર દરમ્યાન અમો પાયમાલ થઈ ગયા, અને એક દિવસ અમારો આધાર સ્તંભ પણ તૂટી ગયો. હવે તો મારા ભાભી પણ એક માંથી બે જીવવાળા થવાનાછે હવે આ ઘર ચલાવવાની જવાબદારી એક ત્યક્તા નારી ના શિરે આવી પડી છે. માટે આપશ્રી ને નમ્રતા ભરી વિનંતી છે. કે અમારા સાત-સાત માણસોના પરિવાર ને યથાશક્તિ સહાય કરશોજી".

એક સાધર્મિક બહેન

## આ છે 'જિત' ને થએલા ૨૫૦૦ ઉપરાંત અનુભવો માંથી થોડા અનુભવો



**સહારો ધ્યો તમે, આ દુઃખી માનવોને,**
**નવકારના ગણનારા, સાધર્મિક બાંધવોને...**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને**

## આપે વાવેલા છોડવા ઉપર ખિલી ઉઠ્યા, અગણિત સુગંધીત પુષ્પો...

પૂ. ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજે જેસલમેરના એક સુશ્રાવકને પત્ર લખ્યો હતો એમાં છેલ્લે એક વાક્ય લખ્યું હતું કે, "એક સાધર્મિકને કુટુંબ કરી જાણજો". આવા મર્મભેદી વાક્યને જાણી, "આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચશ્રાવક બને" એ એકજ ઉદ્દેશથી પ્રારંભ થયેલી અને શાસન સમ્રાટશ્રી વિજયનેમિ-અમૃત-દેવ-હેમચંદ્ર-પ્રધુમ્ન સૂરીશ્વરજીના પટ્ટધર પૂજ્ય આચાર્ય શ્રી રાજહંસસૂરીશ્વરજી મહારાજાની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ **'જિત' "જૈન એજ્યુકેશન એન્ડ એમ્પાવરમેન્ટ ટ્રસ્ટ"** આ ક્ષેત્રે સમગ્ર ગુજરાતભરના તથા મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, રાજસ્થાન, કેરળ, બિહાર, ઝારખંડ તથા પશ્ચિમ-બંગાળના અમુક વિસ્તારોમાં વસતા ૪૮ જીલ્લાના ૨૬૮ ગામડાઓના ૨૫૦૦ ઉપરાંત પરિવારોના ૪૩૯૦ થી વધુ બાળકોને પોતાના કુટુંબી કરી, એમને શૈક્ષણિક સહાય તથા ફીનીશીંગ સ્કુલ અને હોસ્ટેલની સુવિધા પૂરી પાડી રહી છે. તેમજ ઉચ્ચ અભ્યાસ, વેપાર-ઉદ્યોગ અને નોકરી અપાવવામાં સહાયરૂપ થઇ રહી છે.

એમને જરૂર છે એક ખંભાની, એક વાત્સલ્યરૂપી ગોદની, એક હેતરૂપી મીઠા હસ્તસ્પર્શની... અને એમના આંસુ સારવા એક રૂમાલની... આપશ્રીએ છેલ્લા સાત - સાત વર્ષથી એ આસુંઓને સારવાનુ કામ પોતાની તિજોરીના દરવાજા ઉઘાડા મુકીને જબરદસ્ત સાધર્મિક ભક્તિનો ઉદાહરણ પૂરું પાડ્યું છે. આપે વાવેલા એ બીજ હવે છોડવા બની સુંદર પુષ્પો રૂપે સુગંધ ફેલાવી રહ્યાં છે.

આજ સુધી જિતની શૈક્ષણિક સહાયના માધ્યમથી અનેક વિદ્યાર્થીઓ, ડૉક્ટર, સી.એ., એન્જીનીયર્સ, સી.એસ., એડવોકેટ બની પોતાની કારકિર્દીને ઉચ્ચતમ્ શિખરો પર લઇ જવામાં સફળ થયેલ છે. તેમજ હવે તેઓ પોતાના પરિવારનો આધાર સ્તંભ બનવાનો પ્રયત્ન પણ કરી રહ્યાં છે.

વર્ષ ૨૦૧૨-૧૩ દરમ્યાન ૧૦૮ ઉપરાંત વિદ્યાર્થીઓએ ૯૦ટકાથી વધુ પરસનટેન્જ રેન્ક મેળવીને એ સાબીતિ આપી છે કે એમણે ઇચ્છેલી મંઝીલ હવે કાંઇ દૂર તો નથી જ...

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# જિતના આભામંડળમાં ચમકતા તારલાંઓ...

## ધોરણ ૧૦માં, ૯૦ પર્સેન્ટાઈલ રેંક પ્રાપ્ત કરીને પોતાની કારકીર્દીને આગળ ધપાવવા માગતા થનગની રહેલ વિદ્યાર્થીઓની નામાવલી

| ક્રમ નં. | ફેન નં. | વિદ્યાર્થીઓના નામ | ૨૦૧૨-૧૩ પરિણામ | શહેર |
|---|---|---|---|---|
| ૦૧ | ૨૪૫૯ | યશ સંજય કોઠારી | ૯૯.૯૮ | રાજકોટ |
| ૦૨ | ૫૮૭ | સંકેત અશ્વિન શાહ | ૯૯.૮૬ | આણંદ |
| ૦૩ | ૯૪૬ | હીરવા વિપુલ શાહ | ૯૯.૮૪ | ભાવનગર |
| ૦૪ | ૨૨૪૯ | રાજવી શૈલેષ શાહ | ૯૯.૭૯ | સુરેન્દ્રનગર |
| ૦૫ | ૦૬૯ | ઇશાની કેતન શાહ | ૯૯.૬૯ | વેરાવલ |
| ૦૬ | ૧૬૮ | શ્રેયા ભરત શાહ | ૯૯.૫૬ | સુરેન્દ્રનગર |
| ૦૭ | ૨૨૩ | મીતુલ અજય શેઠ | ૯૯.૫૦ | જોરાવનગર |
| ૦૮ | ૩૮૪ | મૈત્રી પ્રદીપ શાહ | ૯૯.૨૨ | ખંભાત |
| ૦૯ | ૨૪૮૧ | દ્રષ્ટી સૂર્યકાંત શાહ | ૯૯.૧૪ | અમદાવાદ |
| ૧૦ | ૧૪૬ | ડિન્કલ અનીલ મહેતા | ૯૮.૬૯ | રાજકોટ |
| ૧૧ | ૭૭૩ | વીરાલી પરેશ વસાણી | ૯૮.૫૯ | જલુંદ |
| ૧૨ | ૫૨૬ | અનેરી પિયુષ કોઠારી | ૯૮.૨૧ | હળવદ |
| ૧૩ | ૨૯૧ | મૈત્રી પ્રદીપ શેઠ | ૯૮.૦૭ | પ્રભાસ પાટણ |
| ૧૪ | ૨૩૧૫ | ક્રીમા કીરણ શાહ | ૯૮.૦૦ | અમદાવાદ |
| ૧૫ | ૨૧૧૭ | સાહીલ જયેશ શાહ | ૯૭.૯૨ | અમદાવાદ |
| ૧૬ | ૦૨૧ | રાજ જયરાજ દોશી | ૯૭.૮૫ | જામનગર |
| ૧૭ | ૯૮૩ | ધવલ હિતેશ શાહ | ૯૭.૭૭ | જેતપુર |
| ૧૮ | ૧૧૬૫ | અભી પિયુષ શાહ | ૯૭.૭૭ | સુરેન્દ્રનગર |
| ૧૯ | ૬૦૮ | વીરાગ અતુલ શાહ | ૯૭.૧૯ | સુરેન્દ્રનગર |
| ૨૦ | ૨૪૧૩ | જૈનમ વિપુલ વોરા | ૯૭.૪૫ | પાલનપુર |
| ૨૧ | ૧૨૫૪ | જાનવી પરાગ શાહ | ૯૭.૦૦ | કપડવંજ |
| ૨૨ | ૩૨૬ | હર્ષ કરશનલાલ શાહ | ૯૬.૬૧ | વીસનગર |
| ૨૩ | ૧૪૦ | નીશીતા મહેશ શાહ | ૯૬.૪૦ | વીરમગામ |
| ૨૪ | ૨૬૪૬ | રીયા ભરત અજમેરા | ૯૬.૨૯ | વિંછીયા |
| ૨૫ | ૫૭૮ | ઉદીત પંકજ શાહ | ૯૫.૬૧ | લીંબડી |
| ૨૬ | ૪૫૮ | સની પ્રતીક શાહ | ૯૫.૩૫ | રતનપર |
| ૨૭ | ૭૫૭ | શ્વેતા સુનીલ શાહ | ૯૫.૦૦ | બારડોલી |
| ૨૮ | ૧૦૨૮ | સ્મીત જયેશ શાહ | ૯૪.૯૬ | રામપુરા/ભંકોડા |
| ૨૯ | ૨૮૮ | માનશી અશ્વીન દોશી | ૯૪.૮૪ | જુનાગઢ |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

**આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને**

| ક્રમ નં. | ફ્રેન નં. | વિદ્યાર્થીઓના નામ | ૨૦૧૨-૧૩ પરિણામ | શહેર |
|---|---|---|---|---|
| ૩૦ | ૧૮૧૫ | અમન શૈલેષ શાહ | ૯૪.૮૪ | ખંભાત |
| ૩૧ | ૨૪૨૦ | શ્રુજલ રમેશચંદ્ર કોઠારી | ૯૪.૮૪ | બાંકરોલ |
| ૩૨ | ૬૨૧ | કદમ રૂષભ શાહ | ૯૪.૮૪ | માંડલ |
| ૩૩ | ૨૧૯૭ | નેહા યોગેશ ઉદાણી | ૯૪.૭૦ | જુનાગઢ |
| ૩૪ | ૨૫૬૫ | હેલી દિપક દેસાઇ | ૯૪.૭૦ | અમદાવાદ |
| ૩૫ | ૨૦૧૭ | પાર્થ રાજેન્દ્ર શાહ | ૯૪.૫૬ | જોરાવરનગર |
| ૩૬ | ૧૧૧૦ | ટિવંકલ જયસુખ દોશી | ૯૪.૪૨ | તળાજા |
| ૩૭ | ૧૭૯૮ | મીત રસીકલાલ દોશી | ૯૪.૨૮ | વાપી |
| ૩૮ | ૮૬૩ | માનસી જયેશ શાહ | ૯૩.૯૮ | વાંકાનેર |
| ૩૯ | ૮૭૯ | જાનવી અશ્વીન ભાવસાર | ૯૩.૮૩ | ખેડા |
| ૪૦ | ૯૪૧ | ભાવીક હરેશ શાહ | ૯૩.૬૮ | ભાવનગર |
| ૪૧ | ૯૫૫ | નીરાલી રાજેશ મહેતા | ૯૩.૬૮ | જુનાગઢ |
| ૪૨ | ૩૦૭ | વત્સલ ચંદ્રેશ શાહ | ૯૩.૫૨ | જોરાવરનગર |
| ૪૩ | ૫૧૯ | રોનક નરેન્દ્ર સંઘવી | ૯૩.૩૫ | ગોંડલ |
| ૪૪ | ૬૬૧ | ધૈર્ય વીમલ શાહ | ૯૩.૩૫ | જામનગર |
| ૪૫ | ૩૯૦ | રીપલ નીલેશ શાહ | ૯૩.૦૩ | ખંભાત |
| ૪૬ | ૬૪૯ | નીખીલ પ્રવીણ ભુતાણી | ૯૨.૮૭ | બોટાદ |
| ૪૭ | ૯૬૫ | જૈનમ રાજેશ શાહ | ૯૨.૮૭ | તલોદ |
| ૪૮ | ૯૨૮ | ભુવનેશ મનોજ ઠક્કર | ૯૨.૮૭ | જુનાગઢ |
| ૪૯ | ૪૯૭ | રુચીતા બીપીનચંદ્ર અજમેરા | ૯૨.૭૦ | સાણંદ |
| ૫૦ | ૧૨૯૫ | એનેલ અશોક શાહ | ૯૨.૫૩ | નવસારી |
| ૫૧ | ૧૪૫૧ | ધવલ કીરીટ વલાણી | ૯૨.૫૩ | ડિસા |
| ૫૨ | ૨૫૪૩ | હેનાલી પ્રીતેશ શાહ | ૯૧.૬૪ | મુંબઇ |
| ૫૩ | ૧૫૭૯ | સ્વીમી યતીન શાહ | ૯૧.૪૩ | ધર્મજ |
| ૫૪ | ૧૭૯૫ | કૃપાલી લલીત શાહ | ૯૧.૨૪ | તીલીયા મોટા |
| ૫૫ | ૦૯૪ | રીદ્ધી તરૂણકુમાર શાહ | ૯૧.૨૪ | કરજણ |
| ૫૬ | ૧૬૮૮ | હર્ષી દુષ્યંત શાહ | ૯૦.૮૬ | ડિસા |
| ૫૭ | ૧૧૫૫ | નંદીશ જીતેન્દ્ર સલોત | ૯૦.૬૬ | ભાવનગર |
| ૫૮ | ૯૭૯ | પાયલ નંદુભાઇ ટોપરે | ૯૦.૪૬ | સુરેન્દ્રનગર |
| ૫૯ | ૧૯૨૮ | જૈનીશ હીતેશ શાહ | ૯૦.૦૦ | થાનગઢ |

આજનો સાધર્મિક આવતીકાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# જિતના આભામંડળમાં ચમકતા તારલાંઓ...

**ધોરણ ૧૨માં, ૯૦ પર્સેન્ટાઈલ રેંક પ્રાપ્ત કરીને પોતાની કારકીર્દીને આગળ ધપાવવા માગતા થનગની રહેલ વિદ્યાર્થીઓની નામાવલી**

| ક્રમ નં. | ફેન નં. | વિદ્યાર્થીઓના નામ | ૨૦૧૨-૧૩ પરિણામ | શહેર |
|---|---|---|---|---|
| ૦૧ | ૧૪૨૦ | મીત રાજેન્દ્ર વોરા | ૯૯.૯૯ | રાજકોટ |
| ૦૨ | ૭૭૨ | નિશાંત પરાગ શાહ | ૯૯.૯૨ | દેહગામ |
| ૦૨ | ૧૫૦૭ | રજત અશ્વીન શાહ | ૯૯.૯૦ | રાજકોટ |
| ૦૪ | ૧૦૬૦ | ઉર્મી ગીરીશ શેઠ | ૯૯.૬૯ | સુરેન્દ્રનગર |
| ૦૫ | ૨૨૯૧ | શ્વેતા વિરેન્દ્ર વોરા | ૯૯.૫૭ | રાજકોટ |
| ૦૬ | ૧૪૦૨ | શ્રેયા રમેશ શાહ | ૯૯.૪૬ | ભાવનગર |
| ૦૭ | ૮૬૩ | કૌશલ જયેશ શાહ | ૯૯.૪૦ | વાંકાનેર |
| ૦૮ | ૨૫૧ | આદીશ ઐલેશ શાહ | ૯૯.૩૫ | સુરેન્દ્રનગર |
| ૦૯ | ૨૫૩૦ | ભૌમીક અશોક શાહ | ૯૯.૧૩ | ચાણસ્મા |
| ૧૦ | ૧૮૭૪ | બ્રીન્દા પ્રકાશ શાહ | ૯૯.૦૯ | ધાંગ્રધ્રા |
| ૧૧ | ૯૪૬ | શુભમ વિપુલ શાહ | ૯૯.૦૮ | ભાવનગર |
| ૧૨ | ૧૧૬૩ | રીદ્ધી પરેશ શાહ | ૯૮.૬૭ | ભાવનગર |
| ૧૩ | ૧૭૦૬ | કેયુર રમેશ મહેતા | ૯૮.૫૬ | રાજકોટ |
| ૧૪ | ૭૬૩ | પુજા મુકેશ સંઘવી | ૯૮.૧૯ | ખંભાળીયા |
| ૧૫ | ૧૯૬૭ | ધારા રાજેશ ચીકાણી | ૯૮.૦૫ | સુરેન્દ્રનગર |
| ૧૬ | ૨૦૧૧ | પારસ ભુપત વોરા | ૯૬.૬૩ | રાજકોટ |
| ૧૭ | ૧૫૮૬ | વિક્રમ ઉપેન્દ્રભાઇ શેઠ | ૯૬.૨૯ | રાજકોટ |
| ૧૮ | ૨૦૬૧ | આશીષ ખુશવદન શાહ | ૯૬.૨૫ | સુરેન્દ્રનગર |
| ૧૯ | ૧૧૫૧ | દીક્ષિત દિપક ટીમાણીયા | ૯૬.૧૨ | ભાવનગર |
| ૨૦ | ૦૯૬ | દિશા હિતેશ શાહ | ૯૬.૦૫ | સુરેન્દ્રનગર |
| ૨૧ | ૧૬૨ | મીહિર હિતેશ શાહ | ૯૬.૦૩ | સુરેન્દ્રનગર |
| ૨૨ | ૯૪૦ | રીકીન કિર્તી ગાંધી | ૯૬.૦૦ | ભાવનગર |
| ૨૩ | ૧૨૭૩ | સિદ્ધાર્થ બિપીન દેસાઇ | ૯૫.૭૧ | ધારી |
| ૨૪ | ૧૩૯૯ | પુજા હર્ષદ શેઠ | ૯૫.૬૬ | પાલીતાણા |
| ૨૫ | ૧૮૩૬ | રીયા નીપુનકુમાર શેઠ | ૯૫.૫૨ | તલોદ |
| ૨૬ | ૮૧૮ | દર્શીની હિતેન્દ્ર શાહ | ૯૪.૭૭ | બાલાસીનોર |
| ૨૭ | ૯૧૯ | રૂષભ નિખીલ શાહ | ૯૪.૭૨ | ઈડર |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને

| ક્રમ નં. | ફેન નં. | વિદ્યાર્થીઓના નામ | ૨૦૧૨-૧૩ પરિણામ | શહેર |
|---|---|---|---|---|
| ૨૮ | ૯૪૭ | પાર્થ બિપીન શાહ | ૯૪.૭૦ | ભાવનગર |
| ૨૯ | ૯૯૫ | રીયા કિરીટ સંઘવી | ૯૪.૬૫ | રાજકોટ |
| ૩૦ | ૦૩૧ | યશ દિપક શાહ | ૯૪.૪૪ | દેહગામ |
| ૩૧ | ૩૩૩ | ચાર્મી ધીરેન્દ્ર મહેતા | ૯૪.૨૮ | જામનગર |
| ૩૨ | ૧૭૬૩ | કેનીલ જયેશ સલોત | ૯૪.૨૫ | ભાવનગર |
| ૩૩ | ૧૬૪૭ | મનાલી પીયુશ દોશી | ૯૪.૨૦ | મોરબી |
| ૩૪ | ૫૨૧ | હેમાંગી હેમંત મહેતા | ૯૪.૧૭ | થાનગગર |
| ૩૫ | ૯૦૧ | હેમાંગ દિનેશ શાહ | ૯૪.૧૭ | ઇડર |
| ૩૬ | ૮૬૫ | રાખી મહેન્દ્ર શાહ | ૯૪.૦૦ | મહેસાણા |
| ૩૭ | ૮૭૬ | વીધિ રાકેશ દેસાઇ | ૯૩.૮૩ | ખેડબ્રહ્મા |
| ૩૮ | ૫૧૧ | રીધ્ધી પ્રફુલ અંબાણી | ૯૩.૮૩ | સાવરકુંડલા |
| ૩૯ | ૮૮૮ | જૈનમ ગીરીશ મહેતા | ૯૩.૭૮ | જામનગર |
| ૪૦ | ૧૬૫૦ | માનસી ગૌતમ શાહ | ૯૩.૬૫ | અંકલેશ્વર |
| ૪૧ | ૧૦૩૦ | ધ્વની સુનીલ શાહ | ૯૩.૪૭ | ગોધરા |
| ૪૨ | ૨૩૪૨ | હાર્દિક કિરીટ માવાણી | ૯૩.૪૭ | જુનાગઢ |
| ૪૩ | ૧૭૧૫ | ધવલ જયેન્દ્ર મોદી | ૯૩.૦૬ | રાજકોટ |
| ૪૪ | ૧૩૨૨ | યશ મહેશ ગાંધી | ૯૨.૯૩ | મહુવા |
| ૪૫ | ૯૫૯ | રીદ્ધી ભાવેશ મોદી | ૯૨.૫૮ | વીસાવદર |
| ૪૬ | ૧૭૪૯ | બિરવા મુકેશ શાહ | ૯૨.૩૯ | ઇડર |
| ૪૭ | ૧૦૨૮ | મિલન જયેશ શાહ | ૯૧.૩૭ | રામપુરા/ભંકોડા |
| ૪૮ | ૪૦૩ | જૈનમ નરેશ શાહ | ૯૧.૩૭ | વડવીયાળા |
| ૪૯ | ૧૮૩૦ | અમીત પંકજ મહેતા | ૯૧.૨૮ | જુનાગઢ |
| ૫૦ | ૧૬૮૪ | રૂચીતા વિરેન્દ્ર શાહ | ૯૧.૨૪ | ભાવનગર |
| ૫૧ | ૬૧૨ | ધરતી દક્ષેશ શેઠ | ૯૧.૧૭ | સુરત |
| ૫૨ | ૩૨૯ | રીમા સતીષ શાહ | ૯૦.૯૫ | ડીસા |
| ૫૩ | ૬૦૫ | નીધિ નરેન્દ્ર દોશી | ૯૦.૭૮ | લીંબડી |
| ૫૪ | ૩૦૧ | કેયુર ભરત શાહ | ૯૦.૫૮ | સુરેન્દ્રનગર |
| ૫૫ | ૧૬૫૨ | રીયા ધીરજ શાહ | ૯૦.૦૮ | સાધલી |

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને

# Jeet Journey So Far...

✦ ઇ.સ ૨૦૦૬ થી ડિસેમ્બર ૨૦૧૩ સુધી

રૂ.૪,૫૦,૦૦,૦૦૦/- ઉપરાંતની

શૈક્ષણિક સહાય આપવામાં આવી.

✦ ૨૬૦૦ ઉપરાંત પરિવારના,

૪૦૦૦ થી વધુ સંતોનોને આવરી લેવાયા...

✦ ૫૦ ઉપરાંત જીલ્લાના ૨૬૮ ગામડા / શહેરો આવરી લેવાયા...

✦ ૮૦ કેન્દ્રોમાં ૧૨૦ થી વધુ

હોંશીલા ને જોશીલા પારદર્શક કાર્યકાર્તાઓ...

✦ ૨૫ થી વધુ બોર્ડિંગમાં ૨૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓને 'જિત'

માર્ફત પ્રવેશ અપાયા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# 'જિત' આભારી છે

"આજનો સાધર્મિક આવતી કાલનો શ્રેષ્ઠી અને ઉચ્ચ શ્રાવક બને" એવા મહાન ઉદ્દેશને સાકાર કરવા માટેના આ ભગીરથ કાર્યમાં નીચે મુજબના ટ્રસ્ટ, સંસ્થા તેમજ પરિવારે જિતના માધ્યમથી અનેક સહધર્મી પરિવારના વિદ્યાર્થીઓને તેમના પોતાના ટ્રસ્ટ માંથી સહયોગ આપ્યો છે તે માટે જિત ઋણી છે અને તેમની ભુરી ભુરી અનુમોદના કરીએ છીએ

- Shri Rajnikant Lallubhai Ganghi : Gandhi Mahendra Chatrabhuj Educational Trust - Mumbai
- Shah Pertolium : Shri Vasantbhai Shantilal Shah - Anand
- Arihant : Arihant CA Coaching Institute - Ahemadabad
- Navkar : Navkar Infinity CA Coaching Institute-Ahemadabad
- Sava Shala : Sava Shala Group - Surendranagar
- J.I.T.O. : Jain International & Trade Organisation - Mumbai
- J.J.C. : Jain Jagruti Centre - Mumbai
